વિદ્યાસહાયક ભરતી (ધો. 1 થી 5 અન્ય માધ્યમ) વર્ષ:2026

વિદ્યાસહાયક ભરતી - 2026 (ધોરણ 1 થી 5 અન્ય માધ્યમ) તા.25/05/2026ની જાહેરાતના ઉમેદવારો માટે કોલ-લેટર મેળવવા માટેની સૂચના

પ્રથમ તબક્કો (ધોરણ 1 થી 5)

તા.22/10/2026

(1) ઉમેદવારો તા.22/10/2026 ના રોજ 15:00 કલાકથી મેરીટમાં આવતા ઉમેદવારો વેબસાઇટ ઉપરથી પોતાના કોલ-લેટર ઓનલાઇન મેળવી શકશે.

(2) વિધાસહાયક ભરતી -2026 (ધો. 1 થી 5 અન્ય માધ્યમ) માં અનામત / બિન અનામત કેટેગરીમાં નીચે દર્શાવેલ કેટેગરી સામે દર્શાવેલ મેરીટ સુધીના ઉમેદવારો ઓન-લાઇન કોલ-લેટર મેળવી શકશે. આ ઉમેદવારોને તા.29/10/2026 ના રોજ જિલ્લા પસંદગી માટે બોલાવેલ છે. જે અંગે તારીખ, સમય અને સ્થળ ઉમેદવારના કોલલેટરમાં દર્શાવેલ છે.

(3) જિલ્લા પસંદગીની કાર્યવાહી માટે ઉમેદવારોએ વેબસાઇટ ઉપરથી જ ઓન-લાઇન કોલ-લેટર મેળવી લેવાના રહેશે. અન્ય કોઇ પ્રકારે કોલ-લેટર મોકલવામાં આવશે નહિ.

(4) તા.25/05/2026 ની જાહેરાતમાં દર્શાવેલ દિવ્યાંગ ઉમેદવારોની જગ્યાઓ અનામતની કુલ જગ્યાઓ પૈકીની છે તેથી દિવ્યાંગ ઉમેદવાર જે કેટેગરીના હશે તે કેટેગરીમાં જગ્યાઓ ઉપલબ્ધ હશે તો જ જિલ્લા પસંદગી આપવામાં આવશે. જે સર્વે દિવ્યાંગ ઉમેદવારોએ નોંધ લેવી.

(5) અનામત જગ્યા ઉપર બિન અનામત ઉમેદવારોની જિલ્લા પસંદગી માટે શિક્ષણ વિભાગના ક્રમાંક;પીઆરઇ/1115/સીસી-139-ક,તા.08/12/2015 ના પત્ર સંદર્ભે સા.વ.વિભાગના તા.16/03/1996ના ઠરાવ ક્રમાંક-પવસ/1093/મ-17(ભાગ-2)-ગ-4 ના ફકરા-2 ની જોગવાઇને આધીન અનામત ઉમેદવારો ઉપલબ્ધ ન થતાં અનામત કેટેગરીની કન્વર્ટ કરેલી બિન અનામત જગ્યા ઉપર જેઓએ ઉંમર અને શૈક્ષણિક ગુણમાં છુટછાટ મેળવેલ ન હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારોને બોલાવેલ છે. કન્વર્ટ કરેલ જગ્યાના કોલમમાં દર્શાવેલ ઉમેદવારો સિવાય SC, ST અને SEBC કેટેગરીના ઉમેદવારો કે જેઓએ ઉંમર અને શૈક્ષણિક ગુણમાં છુટછાટ મેળવેલ છે (સા.વ.વિભાગના તા.29/01/2000 ના ઠરાવ મુજબ) તેવા ઉમેદવારોને જિલ્લા પસંદગી આપવામાં આવશે નહી.

(6) સદર ભરતી પ્રક્રિયા અંતર્ગત પ્રથમ તબક્કામાં ઝડપથી પ્રક્રિયા પૂર્ણ થઇ શકે તે માટે બિન અનામત તથા અનામત કેટેગરી તેમજ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની જિલ્લા પસંદગી એક જ દિવસે રાખેલ છે તેથી કેટલાક ઉમેદવારોને એક કરતાં વધારે કોલલેટર હોઇ શકે છે પરંતુ તેઓને એક જ વાર જિલ્લા પસંદગી આપવામાં આવનાર છે તથા જે કોલલેટરનો સમય સૌથી પહેલા હોય તે કોલલેટરના સમયે ઉપસ્થિત રહેવું ફરજિયાત છે.

નોંધ:- ઉમેદવારોએ જિલ્લા પસંદગીની કાર્યવાહી પૂર્ણ થાય અને આ વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયા ચાલુ રહે ત્યાં સુધી તમામ ઉમેદવારોએ દરરોજ આ વેબસાઇટ જોવા વિનંતી છે.

માધ્યમ	પ્રવાહ	બિન અનામત કેટેગરી (OP)	અનુસૂચિત જાતિ (SC)	અનુસૂચિત જનજાતિ (ST)	સા. અને શૈ.રીતે પછાત વર્ગ (SEBC)	આર્થિક રીતે નબળા વર્ગ (EWS)	કન્વર્ટ કરેલ જગ્યા	દિવ્યાંગતા જૂથ			
								A	B	C	D &E
અંગ્રેજી	વિજ્ઞાન પ્રવાહ	57.8293	-	-	-	-	-	-	-	-	-
	સામાન્ય પ્રવાહ	56.5500	-	-	-	-	-	-	-	-	-
હિન્દી	વિજ્ઞાન પ્રવાહ	63.6148	-	-	-	-	-	-	-	-	-
	સામાન્ય પ્રવાહ	57.4133	-	-	-	-	-	-	-	-	-
મરાઠી	વિજ્ઞાન પ્રવાહ	-	-	-	-	-	-	-	-	-	-
	સામાન્ય પ્રવાહ	72.8559	-	-	67.7519	65.2247	72.8559	-	-	-	-
ઉર્દુ	વિજ્ઞાન પ્રવાહ	70.4155	-	-	68.3349	-	70.4155	-	-	-	-
	સામાન્ય પ્રવાહ	69.6923	-	-	66.9797	70.5365	69.6923	-	-	62.0846	-
ઉડીયા	વિજ્ઞાન પ્રવાહ	63.7855	-	-	-	-	63.7855	-	-	-	-
	સામાન્ય પ્રવાહ	57.1321	-	-	-	-	-	-	-	-	-